સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૦૭ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

**આજનો સુવિચાર**

મૃત્યુ પછી આપેલા વખાણ અને દિલના દુઃખ પછી માંગેલી માફી, આ બંનેનું કોઈ મહત્વ નથી!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૦૧ ● તારીખઃ ૨૧.૦૬.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## આજે NEET UGની પુનઃ પરીક્ષા; ગુજરાતમાં તમામ તૈયારીઓ પૂર્ણ, સોશિયલ મીડિયા પર રહેશે બાજ નજર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા દેશભરમાં આજ રવિવારે (૨૧ જૂન, ૨૦૨૬) NEET UG 2026ની પુનઃ પરીક્ષા યોજાશે. ગુજરાતમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં પરીક્ષા સંપન્ન થાય તે માટે પોલીસ તંત્રને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. પરીક્ષાને લઈને કોઈ પ્રકારે ગેરરીતિ કે પેપર લીક જેવી ઘટના ન બને તે માટે સોશિયલ મીડિયા પર બાજ નજર રખાશે.

પરીક્ષામાં સુરક્ષાને લઈને પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, પરીક્ષાના સફળ આયોજન માટે ગુજરાત પોલીસ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ તેમજ NTA અને અન્ય સંબંધિત એજન્સીઓ સાથે સતત સંપર્ક અને સંકલનમાં રહીને કામ કરી રહી છે. પરીક્ષા કેન્દ્રો પર પહોંચવા માટે વિદ્યાર્થીઓ બસ, રેલવે કે પોતાના ખાનગી વાહનોનો ઉપયોગ કરતા હોય છે. તેઓ સમયસર અને કોઈપણ અવરોધ વગર પરીક્ષા કેન્દ્ર પર પહોંચી શકે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, NEET પરીક્ષામાં પ્રશ્નપત્રોના ટ્રાન્સપોર્ટેશન, પરીક્ષાર્થીઓને પેપરનું ડિસ્ટ્રિબ્યુશન અને પરીક્ષા પૂર્ણ થયા બાદ આન્સર શીટ્સના રિવર્સ ટ્રાન્સપોર્ટેશન સુધીની તમામ પ્રક્રિયા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા અને પ્રોટોકોલ નક્કી કરવામાં આવ્યા છે. પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓનું યોગ્ય રીતે ચેકિંગ થાય અને તેઓ સમયસર પરીક્ષા હોલમાં પ્રવેશ મેળવે તે સુનિશ્ચિત કરવામાં આવશે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ, ડમી કેન્ડિડેટ્સ કે અન્ય કોઈ અનિચ્છનીય પ્રવૃત્તિ ન થાય તે માટે ખાસ તકેદારી રાખવા સૂચના અપાઈ છે.

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ બંગાળના તારકેશ્વર-હુગલી ખાતેથી

## પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૩મો હપ્તો જાહેર કર્યો

### ગુજરાતના ૫૧.૨૮ લાખ ધરતીપુત્રોના ખાતામાં રૂ. ૧,૦૨૫ કરોડથી વધુની રકમ સીધી જમા થઈઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં રાજ્ય કક્ષાના પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ભવ્ય ઉજવણી સંપન્ન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ બંગાળના તારકેશ્વર-હુગલી ખાતે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાંથી દેશભરના કરોડો ખેડૂતો માટે અત્યંત મહત્વકાંક્ષી એવી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના (પી.એમ. કિસાન) નો ૨૩મો હપ્તો સત્તાવાર રીતે રિલીઝ કર્યો છે. આ હપ્તા હેઠળ વડાપ્રધાને એક સિંગલ ક્લિક દ્વારા દેશના ૯.૪૪ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૧ ફિભય,૮૮૦ કરોડથી વધુની સહાય સીધી ટ્રાન્સફર કરી છે. આ અંતર્ગત ગુજરાતના ૫૧.૨૮ લાખ ધરતીપુત્રોને પણ રૂ. ૧,૦૨૫ કરોડથી વધુની સહાયનો સીધો લાભ મળ્યો છે. આ ઐતિહાસિક અવસરને વધાવવા માટે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાનો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજવામાં



આવ્યો હતો. આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું જીવંત (લાઈવ) પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેને મુખ્યમંત્રી અને અન્ય મહાનુભાવો સહિત રાજ્યભરના હજારો ખેડૂતોએ ડિજિટલ માધ્યમથી નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉપસ્થિત ખેડૂત લાભાર્થીઓને કૃષિ તેમજ બાગાયત વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓની સહાય અને સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ધરતીપુત્રોને સંબોધતા સ્પષ્ટ કર્યું હતું કે, ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થાય, ખેતી વધુ સમૃદ્ધ બને અને ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બને તે દિશામાં સરકાર

અનુ પાના નં.૨ પર

## બરડા ડુંગરે ગેરકાયદે ખનન? પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના વિસ્તારમાં જ ખવાઈ ગયો ડુંગર

**સમય સંદેશઃ ભાણવડ**

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના હોમ ડિસ્ટ્રિક્ટ પોરબંદરમાં જ પર્યાવરણનું નિકંદન નીકળી રહ્યું છે. પ્રખ્યાત બરડા ડુંગર વિસ્તારમાં કોઈ પણ પ્રકારની મંજૂરી વિના,છેલ્લા ૪ મહિનાથી બેફામ અને ગેરકાયદેસર ખનન ચાલી રહ્યું છે.રાણાવાવ તાલુકાના લધાધાર બસ સ્ટેન્ડની પાછળ આખો ડુંગર જ ખોદી નાખવામાં આવ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે તંત્ર આ બાબતથી તદ્દન અજાણ હોવાનો દાવો કરી રહ્યું છે. વન અને પર્યાવરણ મંત્રીના પોતાના જ જિલ્લા પોરબંદરમાં પર્યાવરણનુ નિકંદન નીકળી રહ્યું છે. પોરબંદર-જામનગર હાઇવે નજીક આવેલા રાણાવાવ તાલુકાના લધાધાર બસ સ્ટેન્ડની



બરાબર પાછળ આખો ડુંગર ગેરકાયદેસર રીતે ખોદી નાખવામાં આવ્યો છે. વિઝ્યુઅલ્સમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કુદરતી સંપત્તિ ગણાતા આ ડુંગરને કઈ હદે તોડી પાડવામાં આવ્યો છે. છેલ્લા ચાર-ચાર મહિનાથી આ વિસ્તારમાં ગેરકાયદે ખનન ચાલી રહ્યું છે, પરંતુ તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. સામાન્ય જનતાને પણ દેખાય તેવું આ ખનન અધિકારીઓને કેમ દેખાતું નથી, તે હવે એક મોટો સવાલ બની ગયો છે.

ગેરકાયદેસર ખનન થતું હોવાનું મીડિયાના રિપોર્ટથી માહિતી મળી હોવાથી અમે તપાસ માટે ટીમો મોકલેલ હતી, મળેલી માહિતી મુજબ તે જગ્યાએ અગાઉ લીઝ મંજૂરી થયેલ હતી અને તેની મુદ્દત ૨૦30 સુધી છે પરંતુ જે-તે સમયે પર્યાવરણનું ક્લિયરસન્સ મળેલ ન હોવાથી તેમનું ખનન અટકાવેલું હતું અને તેમનું એટીઆર લોક કરાવવામાં આવેલું. જે સમયે લીઝ ધારકનું એટીઆર લોક થયું હતું તે સમયે તેમણે જે જથ્થો દર્શાવ્યો હતો માત્ર તે જથ્થો નિકાસ કરવાની છૂટ આપી હતી, જો તે સિવાયનો જથ્થો કાઢ્યો હશે

અનુ પાના નં.૨ પર

## ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર પર લગાવ્યો પ્રતિબંધ, તેહરાનની અમેરિકાને સીધી ચેતવણી

**સમય સંદેશઃ ડેસ્ક**

આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ સ્થાપવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરમાં જ થયેલો યુદ્ધવિરામ કરાર તૂટવાના આરે પહોંચી ગયો છે. ઈરાનની સેનાના શક્તિશાળી 'ખાતમ અલ-અંબિયા હેડક્વાર્ટર' એ વિશ્વના સૌથી સંવેદનશીલ અને મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' માંથી તમામ આંતરરાષ્ટ્રીય જહાજોની ગતિવિધિઓ અને અવરજવર તાત્કાલિક અસરથી બંધ કરવાની સત્તાવાર ઘોષણા કરી



દીધી છે. ઈરાનના આ આક્રમક નિર્ણયથી વૈશ્વિક તેલ સપ્લાય અને વેપાર ક્ષેત્રે ફરી એકવાર ચિંતાના વાદળો મંડરાવા લાગ્યા છે.

ઈરાનની મિલિટરી કમાન્ડ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ કડક પગલું લેવા પાછળ પશ્ચિમી દેશોની નકારાત્મક નીતિઓ જવાબદાર છે. તેહરાને આક્ષેપ કર્યો છે કે, અમેરિકા દ્વારા યુદ્ધનો અંત લાવવા માટે કરાયેલા સમજૂતી જ્ઞાપનના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

ઈરાને તેના સત્તાવાર કારણોમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, દક્ષિણ લેબનાનમાંથી આંતરરાષ્ટ્રીય દળો અને સેનાને હટાવવાની શરતોનું પાલન કરવામાં આવ્યું નથી. આ સાથે જ ઇઝરાયેલ દ્વારા સતત અને સુનિયોજિત રીતે યુદ્ધવિરામના નિયમોને હવામાં ઉડાવીને હુમલા ચાલુ રાખવામાં આવ્યા છે. આ તમામ પ્રવૃત્તિઓ

અનુ પાના નં.૨ પર

## મંદિરની છત પડતાં પાંચ શ્રદ્ધાળુઓનાં મોત, ૧૮ શ્રદ્ધાળુ ઘાયલ

### અચાનક ધરાશાયી થયો ૧૫ ફૂટનો સ્લેબઃ 30 થી ૪૦ લોકો દટાયા હોવાની આશંકાઃ બાંધકામની ગુણવત્તા અંગે ઊઠ્યા સવાલો



**સમય સંદેશઃ મુંબઈ**

મહારાષ્ટ્રના પરભણી જિલ્લાના માનવત તાલુકામાં આવેલા યશવાડી દેવસ્થાન સંસ્થાન મંદિર સામે બનાવવામાં આવી રહેલા સભામંડપનો એક થાંભલો શનિવારે બપોરે અચાનક ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં પાંચ શ્રદ્ધાળુઓનાં મોત થયાં હતાં અને ૧૮ શ્રદ્ધાળુ ઘાયલ થયા હતા. આ દુર્ઘટનામાં ૪૦થી વધુ શ્રદ્ધાળુઓ કાટમાળ નીચે દટાયા હોવાની પ્રાથમિક

અનુ પાના નં.૨ પર

## શાપર સ્ટેટના મોભીના ઘરમાં ત્રાટક્યા પાંચ બુકાનીધારી લૂંટારૂઓઃ વૃદ્ધને બંધક બનાવી રૂપિયા ૨.૪૯ કરોડની સનસનાટીભરી લૂંટ

### કોઈ 'જાણભેદુ' હોવાની આશંકાઃ જમીન વેચાણની રકમ રાખવામાં આવી હતી ઘરમાંઃ રેન્જ આઈજી અને જિલ્લા પોલીસવડા ઘટનાસ્થળેઃ લૂંટારૂઓને પકડવા પોલીસની વિવિધ ટીમો એક્શનમાં

**સમય સંદેશઃ રાજકોટ**

શાપર સ્ટેટના મોભી તરીકે નામના ધરાવતાં ૭૭ વર્ષના વૃદ્ધ જીતેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજાના નિવાસસ્થાને રાત્રિના સમયે હથિયારધારી લૂંટારૂઓ ત્રાટકતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગતરાત્રે આશરે દોઢ વાગ્યે જ્યારે જીતેન્દ્રસિંહ ઘરમાં એકલા સુતા હતા, ત્યારે પાંચ બુકાનીધારી લૂંટારૂઓ દરવાજો તોડીને અંદર ઘુસી ગયા હતા. વૃદ્ધ કશું સમજે તે પહેલાં જ એક લૂંટારો લોખંડના પાઇપ સાથે તેમની છાતી પર ચડી ગયો હતો અને તેમનું મોઢું દબાવી દીધું હતું.

બાકીના લૂંટારૂઓએ તિજોરી અને કબાટ તોડીને કબાટમાં રાખેલા જમીન વેચાણના રોકડા ૨ કરોડ ૪૭ લાખ, સોનાના દાગીના, એક બાર બોરની પરવાનાવાળી રાઇફલ અને મોબાઇલ ફોન મળી કુલ ૨ કરોડ ૪૯ લાખની મત્તાની લૂંટ ચલાવી હતી. લૂંટ કર્યા બાદ તેઓ વૃદ્ધને રૂમમાં પૂરીને ભાગી ગયા હતા, જે બાદ વૃદ્ધે જેમ-તેમ બહાર આવી અન્ય રૂમમાંથી પત્નીના ફોન દ્વારા રાજકોટ રહેતા પુત્ર જયવિરસિંહને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં આ લૂંટ પાછળ કોઈ અજાણ્યા

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં પ્રાથમિક શિક્ષક સંઘના ધરણાઃ રેલી યોજી TET મુક્તિ અને સેવા સુરક્ષા માટે સંસદીય હસ્તક્ષેપની માંગ કરી








તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ પ્રેરિત જામનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધરણા, રેલી અને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. સેવામાં રહેલા શિક્ષકોની નોકરીની શરતોને સુરક્ષિત રાખવા અને TET શિક્ષક પાત્રતા કસોટી પરીક્ષામાંથી મુક્તિ આપવાની માંગ સાથે આ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા સામે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી અને ઝઊઝ પરીક્ષામાંથી મુક્તિ આપવા માટે અપીલ કરી હતી. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ દિગુભા જાડેજાએ જણાવ્યું હતું કે, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ લાગુ થયો તે પહેલાં રાજ્ય સરકારો દ્વારા પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર હજારો શિક્ષકોની નિમણૂંક કરવામાં આવી હતી. આ શિક્ષકો ઘણા વર્ષોથી ગ્રામીણ અને વંચિત વિસ્તારોમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, આ શિક્ષકોની ભરતી વખતે ઝઊઝ પાસ કરવાની કોઈ કાયદાકીય શરત ન હતી, તેથી હવે પાછલી અસરથી આ નિયમ લાગુ કરવો વ્યાજબી નથી. સંઘ દ્વારા ભરતી સમયના નિયમો યથાવત રાખવાની માંગ કરવામાં આવી છે. તાજેતરના ન્યાયિક વિકાસને કારણે સેવારત શિક્ષકોની નોકરી ચાલુ રાખવા અને ભવિષ્યના પ્રમોશન બાબતે અનિશ્ચિતતા ઊભી થઈ છે. આ પરિસ્થિતિને પગલે શિક્ષકો અને તેમના પરિવારોમાં વ્યાપક ચિંતા ફેલાઈ છે, જેની સીધી અસર શાળાઓના શૈક્ષણિક કાર્ય પર પડી શકે છે. આવેદનપત્રમાં રજૂ કરાયેલા મુખ્ય ૬ મુદ્દાઓ નીચે મુજબ છેઃ છ઼્ઊ કાયદા અને TET માર્ગદર્શિકા પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકો પર આ શરતો પાછલી અસરથી લાગુ ન થવી જોઈએ. પ્રવર્તમાન નિયમો હેઠળ કાયદેસર નિમણૂંક પામેલા શિક્ષકોના સેવા અધિકારોનું સંપૂર્ણ રક્ષણ થવું જોઈએ. ભારત સરકાર આ મામલે વહીવટી કે કાયદાકીય સુધારો લાવી શિક્ષકોના હિતોનું રક્ષણ કરે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ષોથી સેવા આપતા શિક્ષકો માટે 'વન-ટાઇમ એક્ઝેમ્પશન' (ખાસ જોગવાઈ) જાહેર કરવામાં આવે. TETના કારણે કોઈપણ શિક્ષકને પ્રમોશન, પગાર, પેન્શન કે અન્ય નિવૃત્તિના લાભોથી વંચિત રાખવામાં ન આવે. આ ગંભીર મુદ્દાને સંસદમાં ઉઠાવીને તમામ હિતધારકો સાથે ચર્ચા કરી માનવીય ઉકેલ લાવવામાં આવે.

## તંત્રી સ્થાનેથી..

### ટ્રમ્પ... બુદ્ધિનું દેવાળું !!

ઈરાન સામેના યુદ્ધ પછી ટ્રમ્પને શું મળ્યું? નામોશી, નાલેશી, પરાજય... લોકો તરફથી ધુત્કાર અને આબરુનું ધોવાણ! માત્ર પોતાની જ નહીં, જગત જમાદાર અમેરિકાની આબરૂ પણ ધોવાઈ ગઈ. જે કરાર પર ટ્રમ્પે હસ્તાક્ષર કર્યા તેમાની શરતો જોતા ઈરાનનું પલ્લું ભારે રહ્યું છે અને અમરિકાએ નીચી મુંડીએ કાંડા કાપી આપવા પડ્યાં છે તે સ્પષ્ટ દેખાય છે. યુદ્ધના આ પ્રથમ રાઉન્ડમાં ફાયદો ઈરાનને થયો છે અને નુકસાન અમેરિકા અને ઈઝરાયેલને થયું છે. ઈઝરાયેલ માટે તો આ પોતાનું યુદ્ધ હતું એટલે નુકસાન માટે તે તૈયાર હોય પણ અમેરિકા માટે તો પારકી લડાઈ હતી અને એમાં નાક કપાવી આવ્યા. ટ્રમ્પ ચાર મહત્વના ઉદ્દેશો આ યુદ્ધ માટે હતા ને તે બાબતે તેઓ વારંવાર બોલ્યા છે. પ્રથમ ઈરાનની લશ્કરી શક્તિનો નાશ, દ્વિતીય, ઈરાનમાં સત્તા પરીવર્ત, તૃતીય, ઈરાનના પરમાણુ સંગ્રહનો નાશ અને ચતુર્થ, ઈરાનના મિસાઈલ જથ્થાનો નાશ. આમાંથી એક પણ ઉદ્દેશ પૂરો ન થયો અને ટ્રમ્પે યુદ્ધવિરામ કરી દેવો પડ્યો. મહિનાઓ સુધી ચાલેલા આ યુદ્ધ દરમિયાન, અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો. બંને દેશોનો સ્પષ્ટ ઉદ્દેશ્ય ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનની લશ્કરી શક્તિને તોડી નાખવાનો અને તેના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે નાશ કરવાનો હતો. લગભગ સાડા ત્રણ મહિના પછી કરાર અને યુદ્ધના પરિણામોની સમીક્ષા કરવાથી ઘણા પ્રશ્નો ઉભા થાય છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સે તેનો મૂળ ઉદ્દેશ્ય પ્રાપ્ત કર્યો કે કેમ તે સહિત. વિશ્લેષકો માને છે કે ઘણા મોરચે, ટ્રમ્પ વહીવટીતંત્ર નેતન્યાહૂ અને ટ્રમ્પે જે સફળતાની આશા રાખી હતી તે પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયું. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યુદ્ધની શરૂઆતમાં અમેરિકા અને ઈઝરાયલે ઈરાનમાં મોટા પાયે હવાઈ હુમલા શરૂ કર્યા. આ હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેની સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓ માર્યા ગયા. ટ્રમ્પ વહીવટીતંત્રને આશા હતી કે ટોચના નેતૃત્વના નાબૂદ સાથે સમગ્ર વ્યવસ્થા તૂટી પડશે, પરંતુ આવું થયું નહીં. હવે, એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈસ્લામિક શાસન પહેલા કરતાં વધુ મજબૂત બન્યું છે. ઈરાન યુદ્ધનો મુખ્ય ઉદ્દેશ્ય તેહરાનના મિસાઈલ સંરક્ષણને નષ્ટ કરવાનો હતો. અમેરિકા અને ઈઝરાયલ માનતા હતા કે શરૂઆતના ૯૦૦ હવાઈ હુમલાઓથી ઈરાનની મિસાઈલ ક્ષમતાનો નાશ થશે, પરંતુ ઈરાનનું ભૂગર્ભ મિસાઈલ શહેર સહીસલામત રહ્યું. ઈરાને બદલો લીધો, માત્ર ઈઝરાયલ જ નહીં પરંતુ ઈરાક, કતાર અને ગલ્ફ ક્ષેત્રના અનેક ઠેકાણાઓને પણ નિશાન બનાવ્યા.

# રસુલનગર ખાતે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા 'ફિશરમેન અવેરનેસ' કાર્યક્રમ યોજાયો

## માછીમારો દેશની દરિયાઈ સુરક્ષા માટે 'ફર્સ્ટ લેયર ઓફ ડિફેન્સ' તરીકે અગત્યની ભૂમિકા ભજવે : સુરક્ષા એજન્સીઓનું માર્ગદર્શન



તસવીરઃ હિરેન ગાંધી




**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્યના વિશાળ ૨૩૪૦.૬૨ કિલોમીટર લાંબા દરિયાઈ કિનારા અને સરહદી જમીન વિસ્તારની સુરક્ષાને વધુ સદ્રઢ બનાવવાના હેતુથી સરકાર દ્વારા રચાયેલી મરીન ટાસ્ક ફોર્સ દ્વારા જામનગર જિલ્લાના રસુલનગર ખાતે એક વિશેષ 'ફિશરમેન અવેરનેસ' (માછીમાર જાગૃતિ) કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માછીમારોને દરિયાઈ સીમાડાની સુરક્ષા વ્યવસ્થામાં સક્રિય ભાગીદાર બનવા અને રાષ્ટ્રીય સુરક્ષામાં ફ્રન્ટ લાઈન સર્વેલેન્સ તરીકે મહત્ત્વનું યોગદાન આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

સુરક્ષા એજન્સીઓ માટે દરિયામાં સતત અવરજવર કરતા વેસલ્સ અને શંકાસ્પદ લોકો પર વોચ રાખવી એક મોટો પડકાર છે. આ સંજોગોમાં રોજબરોજ સમુદ્ર ખેડતા માછીમારો 'ફર્સ્ટ લેયર ઓફ ડિફેન્સ' અને ઈન્ટેલિજન્સ ગેધરિંગ (માહિતી એકત્રીકરણ) માટે કડીરૂપ સાબિત થઈ શકે છે. કાર્યક્રમ દરમિયાન માછીમારોને માર્ગદર્શન આપતા જણાવવામાં આવ્યું હતું કે, દરિયામાં માછીમારી કરતી વખતે કોઈપણ અજાણી બોટ, સ્મગલિંગની પ્રવૃત્તિ, ડ્રગ્સ કે વિસ્ફોટક પદાર્થો જેવી બિનવારસી વસ્તુઓ અથવા કોઈ શંકાસ્પદ વ્યક્તિ નજરે ચડે તો ગેરકાનૂની પ્રવૃત્તિઓ મોટું સ્વરૂપ લે તે પહેલાં જ તેની તુરંત સુરક્ષા એજન્સીઓને જાણ કરવી, જેથી સમયસર રેપિડ રિસ્પોન્સ આપી દેશ વિરોધી મનસૂબાઓને શરૂઆતથી જ ડામી શકાય. આ જાગૃતિ કાર્યક્રમ એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા, દરિયાઈ સુરક્ષાના ડી.આઈ.જી. એ.એમ.મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ હજીરાના એસ.પી. એસ.જે.પરમારના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં મરીન ટાસ્ક ફોર્સ જામનગરના પી.આઈ. ધરમવીર આર. યાદવ, પી.એસ.આઈ. જી.એમ. બોપલિયા, પી.એસ.આઈ. ડી.એચ.જાડેજા સહિત મરીન કમાન્ડોની ટીમ ઉપસ્થિત રહી હતી. આ ઉપરાંત ફિશરીઝ વિભાગના અધિકારી જયદીપ બારડ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના જવાનો, ફોરેસ્ટ વિભાગના અધિકારી રાહુલસિંહ રાજપુત, સ્થાનિક સરપંચ કરીમભાઈ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને માછીમારો જોડાયા હતા.

સેમિનારમાં ઉપસ્થિત માછીમારોને આતંકવાદી પ્રવૃત્તિઓ અટકાવવાની સાવચેતીઓ ઉપરાંત કાયદાકીય અને ટેકનિકલ બાબતોથી પણ અવગત કરાયા હતા. જેમાં બોટમાં અનિવાર્ય એવા સેફ્ટી સંસાધનો, ઇમરજન્સી મેડિકલ કીટ, બોટ રજીસ્ટ્રેશન અને લાયસન્સ પ્રક્રિયા, બોટ મુવમેન્ટની નોંધણી તેમજ દરિયામાં લોકેશન ટ્રેક કરવા માટે અત્યંત જરૂરી એવા 'બોટ ટ્રેકિંગ-ટ્રાન્સપોન્ડર્સ'ના ઉપયોગ અંગે સુરક્ષા અને સાવચેતીનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# ચોમાસામાં વાહન વ્યવહાર બંધ ન થાય તે જોવા લોકોની માંગણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર થી જુદાજુદા શહેરોને જોડતા હાઈવે રોડ ઉપર જેતે સમયે ભયજનક અને જર્જરીત બ્રીજોને લઈ રાજ્ય સરકારની સૂચના મુજબ જિલ્લાના અનેક બ્રિજો ઉપરથી ભારે વાહન વ્યવહાર માટે પ્રતિબંધ જાહેર કરવામાં આવેલ છે. આ લાંબા સમયથી આ જાહેરનામાં લીધે વાહન વ્યવહાર માટે ડાયરવઝન કાઢવામા આવેલ છે.

પરંતુ ચોમાસાની ઋતુમાં અનેક ડાયરવઝનો ઉપર પૂરના પાણીના લીધે હાઈવે રોડ ઉપરનો વાહન વ્યવહાર બંધ થઈ જાય તેવી સંભાવના છે.ત્યારે સરકાર દ્વારા આ ભયજનક જાહેર કરેલા બ્રીજો અંગે નિર્ણય જાહેર કરે તેવી લોકમાંગ ઉઠી છે. જામનગર જિલ્લામાંથી જોડિયા થઈને કચ્છ તરફ જતા હાઈવે રોડ ઉપર બ્રિજને ભયજનક જાહેર કરેલ છે. જેથી જોડિયા તરફ જતા ભારે વાહનો માટે આ રોડ જાંબુડાના પાટિયા પાસેથી બંધ કરેલ છે.

આ રીતે કાલાવડ,લાલપુર, તરફ નો માર્ગ ઉપર પણ અનેક બ્રિજો ભયજનક જાહેર કરેલ છે. આવા બ્રિજનું મરામત કા અંગે સરકાર દ્વારા કોઈ માર્ગદર્શન કે કામ લાંબા સમયથી આપવામાં આવેલ નથી. આ કામ શરૂ કરવા નહી આવે તો ચોમાસા દરમ્યાન ભારે વાહનો ક્યાંથી પસાર કરવા તે પ્રશ્ન ઉભો થવાની સંભાવના વાહનચાલકો વ્યક્ત કરી રહ્યા છે.

## ખંભાળિયામાં પરિણીતાને ત્રાસ આપતા સાસરિયાઓ સામે ફરિયાદ

**સમય સંદેશઃ ખંભાળિયા**

દ્વારકાના ધીંગેશ્વર પાડો વિસ્તારમાં રહેતી અને સતવારા ભીખાભાઈ પરમારની ૨૭ વર્ષની પરિણીત પુત્રી ભારતીબેન સાગર ચોપડાને તેણીના ખંભાળિયામાં વૃંદાવન પાર્ક વિસ્તારમાં રહેતા તેણીના પતિ સાગર પરસોત્તમભાઈ ચોપડા, સાસુ પમીબેન અને મેહુલ પરસોત્તમભાઈ ચોપડા તથા ધનવાન પરસોતમભાઈ ચોપડા ગામના ચાર સાસરિયાઓએ અવારનવાર ઝઘડો કરી, મારકૂટ કર્યાની તથા તને છોકરા રાખતા આવડતું નથી, રસોઈ બનાવતા આવડતું નથી તેવા મેણા-ટોણા મારી, દુઃખ ત્રાસ આપવા સબબ દ્વારકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

# જોડિયા તાલુકાના ૧૦ ગામો માટે રેકલેમેશન પાળાનું નિર્માણ કરવા માંગણી

**સમય સંદેશઃ જોડિયા**

જામનગર જિલ્લાના જોડિયા સહિત તાલુકાના ૮ થી ૧૦ ગામો દરિયા કાંઠો ધરાવે છે. વર્ષોથી ભર્તી સમય દરિયા નું ખારું પાણી ગામ સુધી પોહચી રહ્યું છે. જેનાં કારણે જમીનો ખરાશ થી પ્રભાવિત થઈ રહી છે, દરિયાનું ખારૂં પાણી અટકાવવા માટે કેન્દ્ર સરકારની દરિયાકાંઠા પર રેકલેમેશન પાળાનું પૂર્વ સમયમાં માટીનાં પાળા નિર્માણ થયું છે.

અમુક સ્થળે પાળો પર કોઝવેનું પણ નિર્માણ થયેલ છે, લોકોની અવરજવર માટે ૮૦ના દાયકા બાદ કેન્દ્ર સરકારની દરિયાનું ખારું પાણી રોકવા માટે જિલ્લા પંચાયત દ્વારા દરિયાકાંઠા વિસ્તારમાં માટીના પાળા સાથે કોઝવે નિર્માણ કરાયું હતું. ત્યારબાદ તંત્ર દ્વારા રેકલેમેશન પાળા પર સરકારની ઉદાસીનતા જોવા મળેલ. વર્ષોથી રેક્લેમેશન પાળાના ધોવણથી દરિયાનું ખારૂં પાણી ગામતળ સુધી પ્રવેશી રહ્યું છે, સર્વથી વધુ લોકો પગપાળા જતા સાગરખેડુ અને ખેડૂતો વર્ગ માટે ક્ષતિગ્રસ્ત રેકલેમેશનના પાળો ઉપરથી અવરજવર મુસીબતનું કારણ બન્યું છે. આ સમગ્ર હકીકત વર્ષથી ભાજપા સરકારમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સત્તાધિશો આજ સુધી નજર અંદાજ કરતાં આવ્યાં છે..

ઉપરોક્ત વિષયને લઈ સ્થાનિક અને જિલ્લા તંત્રને જગાડવા માટે જોડિયા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા અને સામાજિક કાર્યકર ઉપરાંત એડવોકેટ હાજી મામદ બારૈયા આગળ આવીને જોડિયા માણામોરા રેક્લેમેશન પાળા પર સંપૂર્ણ ધોવાણ થયેલ કોઝવેનું પુનઃ નિર્માણની માંગણી કરી છે અને આ સમગ્ર બાબત જોડિયા ગ્રામ પંચાયત દ્વારા સર્વાનુમતે ઠરાવ કરીને જિલ્લા અને ગાંધીનગર સુધી લેખિતમાં રજુઆત મોકલી છે.

# જોડિયાના તારાણા નજીકથી બાવળની ઝાડીમાં છૂપાવેલા દારૂનો જથ્થો ઝડપાયો

**સમય સંદેશઃ જોડિયા**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના તારાણા ગામના તલાવડીવાસ પાસે બાવળની ઝાડીઓમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. જે અંગેની પેટ્રોલીંગમાં રહેલા જોડીયા પોલીસ સ્ટેશનના સ્ટાફના કે.એમ.જાડેજા અને ડી.ડી.જાડેજાને બાતમી મળી હતી.જે બાતમીના આધારે પીઆઈ પી.એન. ખાચરને વાકેફ કરાયા આદ, ડીવાયએસપી પિયુષ વાંદાની સૂચનાથી પોલીસે રાત્રે જ દરોડો પાડયો હતો. ઝાડીઓમાંથી દારૂના ૫૫૪ ચપલા મળી આવતા પોલીસે તારાણા ગામના રવિન્દ્રસિંહ ઉર્ફે ભગા જગુભા જાડેજા નામના શખ્સને દબોચી લીધો હતો. જામનગર શહેરના સત્યમ કોલોની નજીક અંડરબ્રિજ પાસેથી પોલીસે એક શખ્સને વિદેશી દારૂની ૨૮ બોટલ સાથે ઝડપી લીધો હતો.

જયારે દિગ્વિજય પ્લોટ વિસ્તારમાંથી પણ એક શખ્સ ૪ બોટલ દારૂ સાથે પકડાયો હતો. આ ઉપરાંત, મહાકાળ ચોક નજીકથી પોલીસે વોચ ગોઠવીને બે શખ્સોને દારૂના ૪૮ ચપલા સાથે ઝડપી લીધા હતા. પોલીસે તમામ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખંભાળીયામાં આજે જીલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરાશે

**સમય સંદેશઃ ખંભાળિયા**

આજ તા. ૨૧ જૂનના રોજ Yoga For Healthy Ageingની થીમ સાથે ૧૨ માં વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી ખંભાળિયા નજીક આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે. આ સાથે ખંભાળિયા તાલુકા અને નગરપાલિકાનો સંયુક્ત કાર્યક્રમ આર.એન. વારોતરીયા છાત્રાલય ખાતે, ભાણવડ તાલુકા અને નગરપાલિકા કક્ષા કાર્યક્રમ પુરુષાર્થ શૈક્ષણિક સંકુલ ખાતે, દ્વારકાનો કાર્યક્રમ એન.ડી.એચ. હાઈસ્કુલ ખાતે, કલ્યાણપુર તાલુકાનો કાર્યક્રમ ભાટિયામાં એલ.એન.પી. સ્કૂલમાં કરવામાં આવશે. ખંભાળિયા તાલુકાના સલાયા નગરપાલિકાનો કાર્યક્રમ સલાયા માધ્યમિક શાળા ખાતે, રાવલ નગરપાલિકાનો કાર્યક્રમ એચ.જી.એલ. હાઈસ્કુલ ખાતે, ઓખા નગરપાલિકાનો કાર્યક્રમ નગર પંચાયત હાઈસ્કુલ ખાતે યોજાશે. આ ઉપરાંત તમામ પોલીસ મથકો, શાળાઓ ખાતે પણ યોગ દિવસ ઉપક્રમે કાર્યક્રમો યોજાશે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**

## અનુસંધાન

### હથિયાર કેસ ડ્રાઈવ

(પાના નં. ૪ થી આગળ)

થાય છે. આ ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને કુલ ૨૪ તીક્ષ્ણ હથિયારો જપ્ત કર્યા છે અને પકડાયેલા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે શહેરમાં કાયદો અને વ્યવસ્થા ખોરવવાનો પ્રયાસ કરનાર કોઈપણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં.

### મેટાડોર પલ્ટી

(પાના નં. ૪ થી આગળ)

ઘવાયેલા સાતેક ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાર જેટલા શ્રમિકોને જી.જી.હોસ્પિટલમાં પરપ્રાંતિય શ્રમિકોને ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર માટે જ્યારે આ બનાવની જાણ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શેઠવડાળા પોલીસ સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બાદમાં સાંજે જી.જી.હોસ્પિટલ ખાતે પહોંચી ગયો હતો અને પરપ્રાંતિયોની શોધીને ટેમ્પો ચાલક સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### સડોદરવાસી

(પાના નં. ૪ થી આગળ)

કરવા, જામજોધપુરથી વાયા ગીંગણી, સીંદસર, સડોદરની જામનગર રાજકોટ બસની સુવિધા આપવા, જામનગર ચિત્રાવડની બસ વાયા બાવળીદર તથા ફુલનાથ મંદિર કરવા, જામજોધપુર-રાજકોટ વાયા ફુલનાશ કરવા, જામજોધપુર સંજેલી વાયા સડોદર, ફુલનાથનો નવો રૂટ ચાલુ કરવા સહિતના પ્રશ્નોની રજૂઆત પણ કરવામાં આવી છે.

### બાળ અધિકાર

(પાના નં. ૩ થી આગળ)

સમયબદ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી. બેઠકમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સચિવ શ્રી ડી. ડી.કાપડિયા, સભ્યોશ્રી અમૃતાબેન આખિયા અને શ્રી કમલેશભાઈ રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, નિવાસી અધિક કલેકટરશ્રી વિમલ ચૌધરી, લગત વિભાગના અધિકારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### સૌથી ટૂંકી રાત

(પાના નં. ૩ થી આગળ)

૨૨ જૂનથી સૂર્યની દક્ષિણ તરફની ગતિ શરૂ થતાં ઉત્તર ગોળાર્ધમાં દિવસો ધીમે ધીમે ટૂંકા અને રાત્રી લાંબી થતી જશે. જ્યારે દક્ષિણ ગોળાર્ધમાં તેની વિપરીત અસર જોવા મળશે. ૨૧ જૂનના રોજ ઉત્તર ધ્રુવ પર સતત છ મહિનાના દિવસ દરમિયાન સૂર્ય તેની મહત્તમ ઊંચાઈએ જોવા મળશે, જ્યારે દક્ષિણ ધ્રુવ પર છ મહિનાની રાત્રીના મધ્યકાળનો દિવસ ગણાશે. આ માહિતી જામનગર ખગોળ મંડળના સંયોજક કિરીટ શાહ દ્વારા આપવામાં આવી છે.

### કિસાન સમ્માન

(પાના નં. ૧ થી આગળ)

સતત કાર્યરત છે. ખેડૂતોની સમૃદ્ધિ, પાણીનું સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી અને આધુનિક કૃષિ વ્યવસ્થાના માધ્યમથી ગુજરાતને કૃષિ ક્ષેત્રે વધુ મજબૂત બનાવવાનો રાજ્ય સરકારનો મક્કમ સંકલ્પ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થયા છે, જેમાં ખેડૂતોના હિતને કેન્દ્રમાં રાખીને અનેક ઐતિહાસિક નિર્ણયો લેવાયા છે. અગાઉ ગુજરાતમાં વરસાદ આધારિત ખેતી થતી હતી, પરંતુ આજે નર્મદા આધારિત મજબૂત સિંચાઈ વ્યવસ્થા અને નહેરોના આયોજનબદ્ધ વિસ્તરણથી ખેડૂતો ત્રણેય સિઝનમાં પાક લેતા થયા છે.

ચાલુ વર્ષે અલ-નીનોની અસરને કારણે ઓછા વરસાદની વ્યક્ત કરાયેલી શક્યતા સામે ખેડૂતોને ન ગભરાવાની અપીલ કરતા મુખ્યમંત્રીએ વૈજ્ઞાનિક અભિગમ સાથે ઓછા પાણીની જરૂરિયાત ધરાવતા પાકો અને યોગ્ય બિયારણની પસંદગી કરી આયોજનબદ્ધ ખેતી કરવા આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં એક મોટો નિર્ણય જાહેર કરતા જણાવ્યું હતું કે, નર્મદા કમાન્ડ વિસ્તાર આસપાસના તળાવો ભરવાની મર્યાદા ૩ કિલોમીટરથી વધારીને હવે ૭ કિલોમીટર કરવામાં આવી છે. આ ઉપરાંત નાના ખેડૂતોના પાક રક્ષણ માટેની તારની વાડ (ફેન્સિંગ) યોજનાની લઘુત્તમ પાત્રતા મર્યાદા ૫ હેક્ટરથી ઘટાડીને માત્ર ૧ હેક્ટર કરવામાં આવી છે, જેથી નાના અને સીમાંત ખેડૂતો પણ તેનો લાભ મેળવી શકશે. વળી, દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવી જળ સંરક્ષણ તેજ કરાયું છે અને દરેક ધારાસભ્યને રૂ. ૫૦ લાખની ફાળવણી કરીને રિચાર્જિંગ બોરના કાર્યોને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે.

### બરડા ડુંગરે ગેરકાયદે

(પાના નં. ૧ થી આગળ)

તો તેમના પર કાર્યવાહી થશે. ધોળા દિવસે અને હાઇવેની બિલકુલ નજીક આટલું મોટું કૌભાંડ ચાલતું હોવા છતાં, મીડિયાના સવાલો સામે કલેક્ટર અને ખાણ ખનીજ વિભાગે એવો લૂલો બચાવ કર્યો છે કે આ ખનન માટે કોઈ પણ પ્રકારની મંજૂરી આપવામાં આવી નથી. હવે સવાલ એ થાય છે કે જો કોઈ મંજૂરી નથી,તો અધિકારીઓ ચાર મહિનાથી શું કરી રહ્યા હતા? આખો ડુંગર ગાયબ થઈ ગયો છતાં તંત્ર અજાણ હોવાના ગાણાં ગાઈ રહ્યું છે.

હાલમાં કલેક્ટર અને ખાણ ખનીજ વિભાગ માત્ર તપાસની વાતો કરીને પોતાની જવાબદારીમાંથી પલ્લું ઝાડી રહ્યા છે અને હજુ પણ તપાસ ટીમના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. જો ગેરકાયદેસર ખોદકામ થયું હોય તો જવાબદારો સામે કાર્યવાહી કેમ નથી થતી અને જો ખોદકામ થયું જ ન હોય તો તપાસનો અંત કેમ નથી આવતો? પોરબંદર જિલ્લા કલેક્ટર અને ખાણ-ખનીજ વિભાગ છેલ્લા ઘણા સમયથી માત્ર તપાસ ચાલી રહી હોવાનું કહી રહ્યા છે. હજુ પણ તંત્ર તપાસ ટીમના રિપોર્ટની રાહ જોઈ રહ્યું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ત્યારે પર્યાવરણને નુકસાન પહોંચાડનારા આ મામલે આખરે જવાબદારો સામે ક્યારે કાર્યવાહી થશે અને તપાસનો રિપોર્ટ ક્યારે જાહેર થશે તેવા સવાલો ઉઠી રહ્યા છે.

આ સમગ્ર મામલામાં સૌથી ગંભીર બાબત એ છે કે આ એ જ બરડા ડુંગર પંથક છે જ્યાં એશિયાટિક સિંહોના વસવાટ માટે કરોડોના ખર્ચે સરકારી પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. તાજેતરમાં જ અહીં સિંહોનો વસવાટ પણ શરૂ કરાવવામાં આવ્યો છે. એક તરફ સરકાર સિંહોના સંરક્ષણની મોટી-મોટી વાતો કરે છે અને બીજી તરફ વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના પોતાના જ ગઢમાં સિંહોનું કુદરતી નિવાસસ્થાન જ ખોદી નાખવામાં આવી રહ્યું છે. દર વખતની જેમ ખાણ ખનીજ વિભાગ તપાસનું નાટક કરીને સબ સલામતના ગાણાં ગાય છે કે પછી જવાબદારો સામે કોઈ કડક કાર્યવાહી થશે,તે જોવું રહ્યું.

### ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ

(પાના નં. ૧ થી આગળ)

શાંતિ કરારની વિરુદ્ધ હોવાથી ઈરાન આ ડીલને આગળ વધારવા માટે બંધાયેલું નથી.

ઈરાની સૈન્ય હેડક્વાર્ટરે અમેરિકા અને તેના સહયોગી દેશોને ચેતવણી આપતા જણાવ્યું છે કે, હોર્મુઝ જળમાર્ગને બંધ કરવો એ તો ઈરાન તરફથી લેવામાં આવેલું માત્ર 'પ્રથમ પગલું' છે. જો અમેરિકા અને ઇઝરાયેલ પોતાની સૈન્ય ગતિવિધિઓ પર રોક નહીં લગાવે અને સીઝફાયરના કરારનું ઉલ્લંઘન ચાલુ રાખશે, તો આગામી દિવસોમાં ઈરાન પોતાની સુરક્ષા માટે આનાથી પણ વધુ કડક અને આકરા નિર્ણયો લેતા અચકાશે નહીં.

### સનસનાટીભરી લૂંટ

(પાના નં. ૧ થી આગળ)

બદમાશો નહીં પરંતુ ઘરની તમામ ગતિવિધિઓથી વાકેફ 'જાણભેદુ' હોવાની પૂરેપૂરી શંકા સેવાઈ રહી છે. ભોગ બનનાર જીતેન્દ્રસિંહના પુત્ર જયવિરસિંહ જાડેજા શાપરમાં પેટ્રોલ પંપ ધરાવે છે અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ધરાવે છે. તાજેતરમાં જ તેમણે શાપરની બિનખેતીની જમીનનું વેચાણ કર્યું હતું, જેની મોટી રકમ ઘરમાં જ રાખવામાં આવી હતી. વળી, જીતેન્દ્રસિંહના પત્નીના પગનું ઓપરેશન થયું હોવાથી તેઓ રાજકોટ હતા અને જીતેન્દ્રસિંહ ઘરમાં એકલા જ રહેતા હતા. આ તમામ બાબતોની લૂંટારૂઓને અગાઉથી જ ખબર હોવાથી પ્રોપર રેકી કર્યા બાદ જ આ લૂંટની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોવાની આશંકા મજબૂત બની છે.

ગુનેગારોને ઝડપી પાડવા અને લૂંટની રકમ રિકવર કરવા માટે રૂરલ એસઓજી, એલસીબી, શાપર પોલીસ અને ગોંડલ ડીવાયએસપીની અલગ-અલગ ટીમો બનાવીને સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી દેવામાં આવી છે. પારડી નજીક શકમંદો સીસીટીવી કેમેરામાં કેદ થતાં પોલીસે તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને આઈજી નિર્લિપ્ત રાયે ટૂંક સમયમાં જ ગુનેગારોને પકડી પાડવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### મંદિરની છત

(પાના નં. ૧ થી આગળ)

આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર આશરે ૧૫ ફૂટ લાંબો અને ૧૫ ફૂટ પહોળો સ્લેબ અચાનક ધડાધડ તૂટી પડી ગયો. સ્લેબ પડતાં જ ત્યાં હાજર લોકોમાં અફરાતફરી મચી ગઈ. અનેક લોકો કાટમાળ નીચે દટાઈ ગયા અને મદદ માટે બૂમાબૂમ શરૂ થઈ. સ્થાનિક લોકો પણ તરત જ ઘટનાસ્થળે પહોંચી બચાવકાર્યમાં જોડાઈ ગયા હતા.

## જામનગરમાં NEET(UG) પરીક્ષા માટે એસ.ટી. તંત્ર સજ્જ

### પરીક્ષાર્થીઓ માટે વાલસુરા અને અલીયાબાડા રૂટ પર ખાસ બસો દોડશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં આજ તા. ૨૧/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે ૦૨:૦૦થી સાંજે ૦૫:૧૫ કલાક દરમિયાન યોજાનારી NEET(UG) ૨૦૨૬ ની પરીક્ષાને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના જામનગર વિભાગ દ્વારા પરીક્ષાર્થીઓની સુવિધા માટે વિશેષ બસોનું આયોજન કરવામાં આવ્યું છે. વિભાગીય નિયામક કચેરી, જામનગર દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, વિદ્યાર્થીઓ સમયસર પોતાના પરીક્ષા કેન્દ્રો પર પહોંચી શકે તે માટે જામનગર બસ સ્ટેન્ડથી વાલસુરા અને અલીયાબાડા રૂટ માટે સવારે ૦૮:૦૦, ૦૯:૦૦ અને ૦૯:૩૦ કલાકે ખાસ એસ.ટી. બસો ઉપડશે. આ ઉપરાંત, પરીક્ષા પૂર્ણ થયા બાદ પણ વિદ્યાર્થીઓને પરત જામનગર એસ.ટી. બસ સ્ટેન્ડ સુધી લાવવા માટે એસ.ટી. તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેથી બહોળી સંખ્યામાં પરીક્ષાર્થીઓ આ ખાસ પરિવહન સેવાનો લાભ લઈ શકે.

# મોંઘવારી-પેપરલીક મુદ્દે જામનગરમાં કોંગ્રેસ દ્વારા ધરણા પ્રદર્શન

## ખેડૂતોના પ્રશ્નો અને કથળતી કાયદો-વ્યવસ્થા સામે ઉગ્ર સૂત્રોચ્ચારો




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે લાલ બંગલા સર્કલ ખાતે 'જન આક્રોશ' ધરણા યોજવામાં આવ્યા હતા. દેશ અને રાજયમાં વધતી મોંઘવારી, વારંવાર થતા પેપર લીક કૌભાંડો, ખેડૂતોની દયનીય સ્થિતિ અને કથળતી કાયદો-વ્યવસ્થાના વિરોધમાં આ પ્રદર્શન કરાયું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો અને મહિલા કાર્યકરો જોડાયા હતા. તેમણે સરકાર વિરોધી સૂત્રોચ્ચારો કરીને વાતાવરણ ગજવી મૂક્યું હતું.

ધરણા દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે અસહ્ય મોંઘવારીને કારણે સામાન્ય નાગરિકોનું જીવવું મુશ્કેલ બન્યું છે. ખેડૂતોની આવક બમણી કરવાના વાયદા વચ્ચે મગફળી અને કપાસના ભાવ રૂ. ૮૦૦ પર પહોંચી ગયા છે, જ્યારે ખાતરના ભાવ વધવાથી ખેતીનો ખર્ચ બમણો થયો છે. આ ઉપરાંત, પેપર લીક કૌભાંડોને લીધે લાખો બેરોજગાર યુવાનોનું ભવિષ્ય અંધકારમય બન્યું હોવાનો પણ આક્ષેપ કરાયો હતો.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ કથીરિયાએ ભાજપ સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ૨૦૧૪માં મનમોહન સિંહની સરકાર વખતે પેટ્રો-ડીઝલ કે ગેસમાં નજીવો ભાવવધારો થતો ત્યારે ભાજપના લોકો રસ્તા પર ઉતરી આવતા હતા. તેની સામે આજે છેલ્લા ૧૦ વર્ષમાં મોંઘવારી ચરમસીમાએ પહોંચી છે. તેમણે ખાતરમાં થયેલા ભાવવધારા અને અસહ્ય મોંઘવારી તાત્કાલિક પાછી ખેંચવાની માંગ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ કથીરિયા, તાલુકા પ્રમુખ ઈકબાલભાઈ સુમરા સહિત વિવિધ સંગઠનોના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન યોજાયું



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના સુશાસનના ૧૨ વર્ષ નિમિતે વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર જામનગર દ્વારા લેઉઆ પટેલ સમાજ હોલ ખાતે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની અધ્યક્ષતામા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, મહિલાશક્તિ, યુવા શક્તિ, ગરીબ, વંચિત અને પીડિત વર્ગો તેમજ આપણા અન્નદાતા ખેડૂતોના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને દેશ અને રાજ્યની સરકારો કાર્ય કરી રહી છે. જ્યારે રાષ્ટ્રનું બજેટ અને ગુજરાતનું બજેટ આ ચાર આધારસ્તંભો ગરીબ, યુવા, મહિલા અને ખેડૂતના કલ્યાણને પ્રાથમિકતા આપે છે, ત્યારે સ્પષ્ટ થાય છે કે વિકાસના કેન્દ્રમાં સામાન્ય માનવી છે. ખેડૂતોની ચિંતા કરતી સરકાર પ્રાકૃતિક ખેતી જેવા સુધારાત્મક અભિગમો દ્વારા તેમને આર્થિક સ્થિરતા, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો અને લાંબા ગાળાની આવકની સુરક્ષા કેવી રીતે મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. સરકારનો સ્પષ્ટ સંકલ્પ છે કે ખેડૂત વધુ સમૃદ્ધ બને, જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે, ઉત્પાદનની ગુણવત્તા વધે અને આવનારી પેઢીઓને સ્વસ્થ અને સુરક્ષિત પર્યાવરણ મળે. આ હેતુઓને સિદ્ધ કરવા માટે સરકાર હંમેશા ખેડૂત પરિવારોની સાથે ખભે ખભા મિલાવીને ઉભી રહી છે અને ભવિષ્યમાં પણ રહેશે. ટૂંકા ગાળાના નફા કરતાં લાંબા ગાળાના હિતને પ્રાધાન્ય આપવું એ સમયની માંગ છે. પ્રાકૃતિક ખેતી માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે સ્વસ્થ જમીન, શુદ્ધ પર્યાવરણ અને સુરક્ષિત ભવિષ્ય આપવાનો એક સંકલ્પ છે.

વર્ષ ૨૦૧૯થી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને વડાપ્રધાનશ્રીના વિઝન હેઠળ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને એક જનઆંદોલનનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પણ આ દિશામાં સતત કાર્યરત છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીના જતન, સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે અનેક યોજનાઓ અમલમાં છે.

ટેક્નોલોજીના યુગમાં માહિતી હવે માત્ર એક ક્લિકના અંતરે છે. શિક્ષણ ક્ષેત્રે પણ રાજ્ય સરકાર નવી શિક્ષણ નીતિ અંતર્ગત પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણ જાગૃતિ જેવા વિષયો વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે પ્રયાસ કરી રહી છે. કારણ કે આવનારી પેઢીનું ભવિષ્ય ત્યારે જ સુરક્ષિત બનશે જ્યારે આપણે આજે પ્રકૃતિ અને સ્વાસ્થ્ય પ્રત્યે જવાબદારીપૂર્વક વર્તીશું. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભો, ઓછી ખર્ચાળ ખેતી પદ્ધતિઓ, જમીનની ફળદ્રુપતા જાળવવાના ઉપાયો તેમજ પર્યાવરણ સંરક્ષણમાં પ્રાકૃતિક ખેતીના મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતી આધારિત વિવિધ ઉત્પાદનો, ટેક્નોલોજી અને સફળ પ્રયોગોના પ્રદર્શનની મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અંગેના પોતાના અનુભવો વર્ણવ્યા હતા. તેમજ પ્રાકૃતિક કૃષિ અંગે સૌએ શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં મેયર મોનિકાબેન વ્યાસ, જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ અને દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેકટર પી.બી.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદભાઈ સભાયા, અગ્રણીઓ આશાબેન નકુમ, ડો.વિનોદભાઈ ભંડેરી, પ્રદેશ કિશાન મોરચાના ઉપાધ્યક્ષ સુરેશ વસરા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર કે.એસ.ઠક્કર, જિલ્લા ખેતીવાડી અધિકારી આર.એસ.ગોહિલ, અધિકારીઓ, આગેવાનો તથા વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન હરિદેવ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની ટીમ દ્વારા સમીક્ષા




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની ટીમ આજે જામનગર જિલ્લાની મુલાકાતે છે ત્યારે આયોગના ચેરપર્સનશ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરની અધ્યક્ષતામાં તથા જિલ્લા કલેકટરશ્રી પી.બી.પંડ્યાની ઉપસ્થિતિમાં જામનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં બાળ સુરક્ષા, શિક્ષણ, આરોગ્ય અને બાળ કલ્યાણ સંબંધિત વિવિધ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લાની વિવિધ વિભાગીય કચેરીઓના અધિકારીઓએ બાળકોના હિત અને અધિકારોને લગતી કામગીરીની વિગતો રજૂ કરી હતી.

બેઠક દરમિયાન જિલ્લામાં કાર્યરત બાળ સંરક્ષણ ગૃહો, બાળ કલ્યાણ સમિતિ, જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ, આંગણવાડી કેન્દ્રો, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી, શ્રમ વિભાગ તેમજ અન્ય સંબંધિત વિભાગોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં કુલ ૫ બાળ સંરક્ષણ સંસ્થાઓ કાર્યરત છે, જેમાં ૨૪૯ બાળકોને સંભાળ અને સુરક્ષા આપવામાં આવી રહી છે. છેલ્લા વર્ષોમાં મોટી સંખ્યામાં બાળકોનું સફળ પુનર્વસન કરવામાં આવ્યું છે. ICDS વિભાગ દ્વારા જિલ્લામાં કાર્યરત ૮૮૮ આંગણવાડી કેન્દ્રોની કામગીરી તેમજ નવા આંગણવાડી મકાનોના બાંધકામ અંગેની વિગતો રજૂ કરવામાં આવી હતી. બેઠકમાં મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણની સ્થિતિ તેમજ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયોની કામગીરી, સમરસ હોસ્ટેલ અંગે માહિતી રજૂ કરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા બાળ આરોગ્ય સેવાઓ, જન્મ નોંધણી, સંપૂર્ણ રસીકરણ અને બાળકોને ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ અંગે માહિતી આપી હતી. બેઠકમાં બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન બાળ લગ્ન અટકાવવા માટે કરાયેલી કામગીરીની વિગતો રજૂ કરી હતી. સાથે જ વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા સમાજમાં બાળ લગ્ન વિરુદ્ધ સકારાત્મક સંદેશ પહોંચાડવામાં આવ્યો હોવાનું પણ જણાવાયું હતું.

બેઠક દરમિયાન ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના પ્રતિનિધિઓએ વિવિધ વિભાગોની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું અને બાળકોના અધિકારોના સંરક્ષણ, સુરક્ષા, શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે વિભાગો વચ્ચે વધુ સંકલન સાથે કામગીરી કરવા સૂચનાઓ આપી હતી. તેમજ બાળકોના સર્વાંગી વિકાસ અને સુરક્ષા માટે પ્રતિબદ્ધતાપૂર્વક કામગીરી કરવા લગત વિભાગના અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને બાળકોના હિત સાથે સંકળાયેલી યોજનાઓ અને કાર્યક્રમોનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા તેમજ રાજ્ય સરકારની માર્ગદર્શિકા અનુસાર

અનુ પાના નં.૨ પર

# ખગોળીય ઘટનાઃ આજે વર્ષનો સૌથી લાંબો દિવસ અને સૌથી ટૂંકી રાત

**સમય સંદેશઃ જામનગર**

આજ તા.૨૧ જૂનના રોજ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ અને સૌથી ટૂંકી રાત્રી રહેશે. ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ આ દિવસને વિશેષ મહત્વ પ્રાપ્ત છે, કારણ કે આ દિવસે સૂર્ય તેની ઉત્તર તરફની આકાશી યાત્રાના સર્વોચ્ચ બિંદુએ પહોંચે છે. ખગોળશાસ્ત્ર અનુસાર સૂર્યનો રવિમાર્ગ (ક્રાંતિવૃત) અને આકાશી વિષુવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ બિંદુઓને સંપાતબિંદુ કહેવામાં આવે છે. દર વર્ષે ૨૧ માર્ચે વસંતસંપાત અને ૨૩ સપ્ટેમ્બરે શરદસંપાત થાય છે, જ્યારે દિવસ અને રાત્રીની લંબાઈ લગભગ સમાન હોય છે.

સૂર્ય ઉત્તરાયણ દરમિયાન ધીમે ધીમે ઉત્તર તરફ ખસતો જાય છે અને ૨૧ જૂનના રોજ તે આશરે ૨૩.૫ અંશના મહત્તમ ઉત્તર બિંદુએ પહોંચે છે. આ સ્થિતિને કર્કારંભ અથવા ગ્રીષ્મ અયનાંત (જીળળયf જક્ષહતશિંભય) તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે દિવસનો સમયગાળો સૌથી વધુ અને રાત્રીનો સમયગાળો સૌથી ઓછો હોય છે.

અનુ પાના નં.૨ પર

## દ્વારકા, કલ્યાણપુરમાં દારૂ બિયર સાથે બે શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના ટીવી સ્ટેશન વિસ્તારમાં રહેતા ચંદ્રેશ નંદકિશોરભાઈ સીમરીયા નામના ૩૧ વર્ષના યુવાનને પોલીસે વિદેશી દારૂની ૩ બોટલ તથા ૧૪ નંગ બિયર મળી કુલ ૧૦,૩૪૬ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. કલ્યાણપુર તાલુકાના ડાંગરવાડ ગામના હજા ઉર્ફે હાથીયા રણમલભાઈ મોઢવાડિયા નામના ૩૨ વર્ષના શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૨,૦૦૦ ની કિંમતના વિદેશી દારૂના ૧૦ ચપલા સાથે ઝડપી લઇ, પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ના જયવીરસિંહ ઝાલાની અધ્યક્ષતા માં શાંતિ સમિતીની બેઠક યોજાઇઃ તાજીયા ના પરવાનેદારો, હિન્દુ મુસ્લિમ સમાજ ના અગ્રણીઓ, રાજકીય આગેવાનો ખાસ ઉપસ્થિતિ રહ્યા.

આગામી દિવસોમાં આવનારા તાજીયાના જુલુસ અનુસંધાન જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે હિંદુ-મુસ્લિમ સમાજના આગેવાનો સાથે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ની અધ્યક્ષતા માં શાંતિ સમિતીની બેઠક યોજવામાં આવી હતી. જેમાં હિંદુ અને મુસ્લિમ સમાજના આગેવાનો, તાજીયા ના પરવાનેદારો, રાજકીય આગેવાનો, જામનગર મહાનગપાલિકાના નગરસેવકો, વેપારીઓ અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા. મુસ્લિમ ધર્મનો તાજીયા-મહોરમ તહેવાર શાંતિપૂર્ણ વાતાવરણ માં સંપન્ન થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. તથા કોઇ અનિચ્છનીય બનાવ 'ન' બને તેમજ તેહવારોમાં કોઇપણ પ્રકારની સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઇપણ ધર્મ વિશે અપમાનજનક પોસ્ટ કરવામાં આવશે.

તો તેના પર કડક કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ તકેદારી રાખવી અને જો કોઇ બનાવ બને તો તાત્કાલિક જામનગર પોલીસ વિભાગને જાણ કરવાની સૂચના આપવામાં આવી હતી. તેમજ તાજીયા-મહોરમ તહેવાર શાંતિમય વાતાવરણમાં તેમજ હર્ષોલ્લાસ સાથે પૂર્ણ થાય તેવી તેમ નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા દ્વારા મુસ્લિમ સમાજ ના અગ્રણીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આ તકે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના ઇન્ચાર્જ પીઆઇ નારાયણ ગઢવી, જામનગર ટ્રાફિક શાખા ના પીઆઇ સંજય ચૌધરી સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. તેમ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના એએસઆઇ બસીરભાઇ મલેક ની અખબાર યાદીમાં જણાવવામાં આવેલ છે.

# જામનગરમાં આજે બે અલગ-અલગ સ્થળે કરાશે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સામૂહિક ઉજવણી

## રણમલ તળાવ પરિસરમાં શહેરકક્ષાનો અને હેડકવાર્ટર ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે પ્રાચીન ભારત પરંપરા દ્વારા માનવજાતને આપેલી એક અમુલ્ય ભેટ એવી યોગ વિદ્યા ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રી દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા ૧૧ ડીસેમ્બર-૨૦૧૪ ના રોજ યોગ દિવસ ઉજવણીનો પ્રસ્તાવ રજુ કરી તે વિશે ચર્ચા કરી હતી. ૨૧ જુનનો દિવસએ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ છે.

અને આજ કારણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ મનાવવા માટે સૂચન કર્યું. ત્યારબાદ વિશ્વના મોટા ભાગના ૧૭૦ દેશોએ ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવાનું નક્કી કર્યું હતું. વર્ષ ૨૦૧૫માં ૨૧મી જૂનના રોજ પ્રથમ વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી.

આ વર્ષે ૧૨માં વિશ્વ યોગ દિવસની ઉજવણી YOGA FOR HEALTHY AGEING સ્વસ્થ જીવન માટે યોગની થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત જામનગર કલેકટરશ્રી પી.બી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લાકક્ષાની આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતિ રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, જામનગર ખાતે સવારે ૬:૦૦ કલાકથી કરવામાં આવશે. તથા મહાનગરપાલિકાકક્ષાની ઉજવણી લખોટા તળાવ ગેટ નં.૧, જામનગર ખાતે મેયરશ્રી મોનીકાબેન વ્યાસના અધ્યક્ષ સ્થાને કરવામાં આવશે. તથા તમામ તાલુકાકક્ષા તથા નગરપાલિકાકક્ષાએ વિવિધ સ્થળોએ અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવશે.

જિલ્લાની દરેક ગ્રામ્યકક્ષા, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળાઓ, યુનિવર્સીટી, કોલેજો, આઈ.ટી.આઈ., દરેક શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, આર્મી, નેવી, એરફોર્સનાં જવાનો, પોલીસ સ્ટેશનો, જિલ્લા જેલ, આરોગ્ય કેન્દ્રો પર યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. સમગ્ર જામનગર જિલ્લામાં ૧૨માં વિશ્વ યોગ દિવસમા અંદાજે ૩ લાખ જેટલા લોકો જોડાશે.

# જામનગરમાં ગાયની સફળ પ્રસુતિ કરાવતી કરૂણા એમ્બ્યુલન્સની ટીમ



**સમય સંદેશઃ જામનગર**




જામનગરના ગ્રીન સિટી વિસ્તારમાં એક ગાયને પ્રસૂતિ દરમિયાન અચાનક ગંભીર તકલીફ સર્જાઈ હતી. આ અંગે સ્થાનિક રહેવાસી શ્રી શ્યામભાઈ દ્વારા કરુણા એમ્બ્યુલન્સ હેલ્પલાઇન પર તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા અને સંવેદનશીલતા સમજીને કરુણા એમ્બ્યુલન્સની ટીમ મિનિટોની અંદર જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થળ પર પહોંચ્યા બાદ પશુચિકિત્સક ડો. ભગીરથ હડિયાએ ગાયની તબીબી તપાસ હાથ ધરતા માલૂમ પડ્યું હતું કે, ગાય 'ડિસ્ટોશિયા' નામની ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહી છે. આવી કટોકટીભરી સ્થિતિમાં જો સમયસર વૈજ્ઞાનિક અને યોગ્ય તબીબી સારવાર ન મળે તો ગાય તેમજ તેના ગર્ભસ્થ બચ્ચા બંનેના જીવ ગુમાવવાનું ગંભીર જોખમ ઊભું થતું હોય છે. પરિસ્થિતિની નાજુકતાને ધ્યાનમાં રાખીને પશુચિકિત્સક ડો. ભગીરથ હડિયા તથા કરુણા એમ્બ્યુલન્સના પાયલટ શ્રી પીઠાભાઈ ભાટુએ કોઈપણ ક્ષણનો વિલંબ કર્યા વિના સ્થળ પર જ જટિલ પ્રસૂતિ પ્રક્રિયા શરૂ કરી હતી. ટીમે અત્યંત કુશળતા, ધીરજ અને વ્યાવસાયિક નિપુણતા સાથે જરૂરી સારવાર પૂરી પાડી હતી. ટીમના આ અથાગ અને સઘન પ્રયાસોના પરિણામે ગાયની સફળ ડિલિવરી થઈ હતી અને ગાયે એક સ્વસ્થ વાછરડીને જન્મ આપ્યો હતો. માતા અને બચ્ચું બંને સુરક્ષિત હોવાનું તબીબે જણાવ્યું છે. આ સફળ અને જીવદાયી બચાવ કામગીરીને પ્રત્યક્ષ નિહાળી રહેલા ગ્રીન સિટીના સ્થાનિક રહેવાસીઓએ કરૂણા એમ્બ્યુલન્સની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તેમજ અબોલ પશુઓ પ્રત્યેની તેમની અપ્રતિમ સંવેદનશીલતા, સમર્પણ અને નૈષ્ઠિક સેવાભાવની પ્રશંસા કરી હતી.

## મેથાણ ગામની યુવતિએ અગમ્ય કારણોસર કરી લીધો આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મેથાણ ગામે રહેતી કિરણબેન રસીકભાઇ બાબરિયા નામની યુવતિએ ગઇકાલે પોતના ઘરે કોઇ અગમ્ય કારણોસર પંખા સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેણીને તાત્કાલિક સારવાર માટે જામજોધપુર ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઇ જવાઇ હતી. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેણીને તપાસી મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે રાજીબેન દાનાભાઇ બાબરિયાએ પોલીસને જાણ કરતાં શેઠવડાળા પોલીસ મથકના પીઆઇ વી.એસ.પટેલ સહિતનો સ્ટાફ તાત્કાલિક જામજોધપુર ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી, યુવતિએ ક્યા કારણોસર આ પગલું ભરી લીધું છે? તે જાણવા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મહોરમ પૂર્વે ૨૪ તીક્ષ્ણ હથિયાર જપ્તઃ પોલીસે 'હથિયાર કેસ ડ્રાઇવ' યોજી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાવ્યો



તસવીરઃ હિરેન ગાંધી






**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં આગામી મહોરમના તહેવારને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસે શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા માટે વિશેષ 'હથિયાર કેસ ડ્રાઇવ'નું આયોજન કર્યું હતું. આ ડ્રાઇવ અંતર્ગત કુલ ૨૪ તીક્ષ્ણ હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય અને પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી ગુનાઓ અટકાવવા આ કાર્યવાહી કરાઈ હતી. આ ડ્રાઇવ હેઠળ જામનગર શહેરના સંવેદનશીલ વિસ્તારો અને અગાઉ શરીર સંબંધી ગુનાઓ બન્યા હોય તેવા હોટસ્પોટને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. પોલીસે બજારમાં રેમ્બો છરીનું વેચાણ કરતા વેપારીઓ, ભૂતકાળમાં હથિયારના ગુનામાં પકડાયેલા ગુનેગારો અને ગેરકાયદેસર રીતે છરી કે તલવાર જેવા તીક્ષ્ણ હથિયારો રાખતા શંકાસ્પદ ઇસમો પર કડક નજર રાખી સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

આ ખાસ ડ્રાઇવને સફળ બનાવવા માટે પોલીસની વિવિધ ટીમોને કામે લગાડવામાં આવી હતી. જેમાં એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ ફર્લો સ્કોડ તેમજ સિટી 'એ', સિટી 'બી' અને સિટી 'સી' પોલીસ સ્ટેશનની ટીમોનો સમાવેશ

અનુ પાના નં.૨ પર

# પંચાયતની ચૂંટણીમાં ખર્ચનો હિસાબ ન આપનાર ઉમેદવારોને નોટીસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારોએ ચૂંટણી ખર્ચનો હિસાબ ચૂંટણી અધિકારીને આપવાનો હોય છે. જે હિસાબ ન આપવાના લઇને જિલ્લા પંચાયતની ચાર બેઠકોના ઉમેદવારોને નોટીસ ફટકારવામાં આવી છે. તે જ રીતે જિલ્લાની ધ્રોલ તાલુકા પંચાયત અને લાલપુર તાલુકા પંચાયતની કુલ નવ બેઠકોના ઉમેદવારોને પણ ચૂંટણી ખર્ચના હિસાબને લઇને નોટીસ આપવામાં આવી હોવાનું સુત્રોમાંથી માહિતી મળી રહી છે.

જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠકો માટે ચૂંટણી તાજેતરમાં યોજાઇ હતી. આ ચૂંટણી ઉમેદવારી કરનાર ઉમેદવારોએ ચૂંટણી દરમિયાન કરેલા ખર્ચના હિસાબ ચૂંટણી અધિકારી સમક્ષ સમય મર્યાદામાં રજૂ કરવાનો હોય છે. આ ચૂંટણીપંચના નિયમની અવગણના કરનાર જિલ્લા પંચાયતની ચાર બેઠકોના ઉમેદવારોને નોટીસ આપવામાં આવી છે. જેમાં જોડિયા, ખારવ, લતીપર અને મોરકંડાની બેઠકના ઉમેદવારનો સમાવેશ થાય છે.

જામનગર જિલ્લાની ધ્રોલ તાલુકા પંચાયત અને લાલપુર તાલુકા પંચાયતના બે ઉમેદવારો મળી કુલ નવ ઉમેદવારોએ ચૂંટણી ખર્ચનો હિસાબ ચૂંટણી અધિકારીને સમયસર ન આપતા ચૂંટણી અધિકારી દ્વારા આ નવ ઉમેદવારોને નોટીસ આપવામાં આવી છે. જેમાં લાલપુર તાલુકા પંચાયતની ભણગોર અને નાંદુરી બેઠકના ઉમેદવારોને નોટીસ આપેલ છે. તેમજ ધ્રોલ તાલુકા પંચાયતની લતીપર-૨, જાયવા, હાડાટોડા, ભેસદડ બેઠકના ઉમેદવારને ચૂંટણી ખર્ચનો હિસાબ આપવા અંગે ચૂંટણી અધિકારી દ્વારા નોટીસ આપીને હિસાબ આપવા જણાવ્યું છે.

# ભોજાબેડી નજીક મેટાડોર પલ્ટી ખાઇ જતા ૭ શ્રમિકો ઘાયલ થતા જી.જી.હોસ્પિટલ ખસેડાયા




**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરથી ભોજાબેડી જતાં પરપ્રાંતિય શ્રમિકોનો ભરેલો ટેમ્પો અચાનક પલ્ટી ખાઈ જતાં શ્રમિકોની મહિલાઓ અને બાળકોની ચીચીયારીથી ગામ લોકો દોડી આવ્યા હતા. જમાં ચારેક જેટલા શ્રમિકો લોહીલુહાણ હાલતમાં થઈ ગયા હતા. ગામ લોકોએ બચાવ કામગીરી હાથ ધરી હતી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફોન કરતા ચારેક જેટલી એમ્બ્યુલન્સો એકી સાથે જામનગરથી ભોજાબેડી ગામ ખાતે પહોંચી ગઈ હતી.

અનુ પાના નં.૨ પર

# જામનગરઃ ફૂડ બીલ સહિતના મુદ્દે ૧૧૨ આંગણવાડી કાર્યકરોના રાજીનામા


તસવીરઃ હિરેન ગાંધી


**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની આઇસીડીએસ શાખા હેઠળ ફરજ બજાવતી ૧૧૨ આંગણવાડી કાર્યકર બહેનોએ સામૂહિક રાજીનામા આપ્યા છે. બાળકોના ફૂડ (નાસ્તા) બિલના નાણાં ન ચૂકવાતા અને પગારમાં સતત વિલંબ થતાં તેમણે આ પગલું ભર્યું છે. કાર્યકરોનો આરોપ છે કે છેલ્લા આઠથી નવ મહિનાથી બાળકોના નાસ્તાના બિલ ચૂકવાયા નથી, જ્યારે પગાર પણ સમયસર મળતો નથી. આના કારણે આંગણવાડી બહેનોને ગંભીર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આંગણવાડી કાર્યકર રાઠોડ વૈશાલી અને અન્ય બહેનોએ જણાવ્યું કે, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ સ્ટોકનું વિતરણ ઓટીપી આધારિત હોય છે. જોકે, ટેકનિકલ ખામીને કારણે ઘઝડ જનરેટ થતા નથી, જેના પરિણામે જથ્થો પડી રહે છે. જ્યારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ચેકિંગ કરવામાં આવે છે, ત્યારે વિતરણ ન થવા બદલ કાર્યકરોને ખોટી રીતે કારણદર્શક નોટિસ ફટકારવામાં આવે છે.

આ ઉપરાંત, આંગણવાડીના મૂળ કામ સિવાય એફઆરસી, વસ્તી ગણતરી અને પોલિયો જેવી વધારાની કામગીરીઓ પણ તેમને સોંપવામાં આવે છે, જેનાથી તેઓ માનસિક તણાવ અનુભવી રહી છે. રોષે ભરાયેલી આંગણવાડી બહેનોએ આજે જામનગરના મેયરને રૂબરૂ મળીને પોતાની સમસ્યાઓ જણાવી હતી અને લેખિત રજૂઆત કરી હતી. જોકે, મેયર તરફથી માત્ર 'વિચારણા કરવામાં આવશે' તેવી ખાતરી મળતા બહેનોમાં અસંતોષ જોવા મળ્યો છે. કાર્યકરોએ ચીમકી ઉચ્ચારી છે કે જો નાસ્તાના બિલ, સમયસર પગાર અને ઓનલાઈન પોર્ટલની સમસ્યાઓનો ઉકેલ નહીં આવે તો તમામ બહેનો એકત્રિત થઈને આનાથી પણ વધુ આંદોલન કરશે.

# પેરોલ જંપ કરનાર આજીવન કેદની સજાના ફરાર આરોપીને ઝડપી લેતી એસઓજી


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એસઓજીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર વી.બી. ચૌધરી તેમજ પીએસઆઈ એલ.એમ. ઝેર અને એ.વી. ખેરના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે બેડી મરીન પોલીસ સ્ટેશનના ગુના નં. ૧૩/૨૦૧૮માં આજીવન કેદની સજા પામેલા અને રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ૧૪ દિવસની ફર્લો રજા પર મુકત કરાયેલા અરવિંદ બાબુભાઈ સોલંકી (ઉ.વ. ૩૫), રહે. પોરબંદરને જામનગરના દિગ્જામ સર્કલ નજીકથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને તા. ૧૩/૦૫/૨૦૨૬ના રોજ ૧૪ દિવસની ફર્લો રજા આપવામાં આવી હતી, પરંતુ રજા પૂર્ણ થયા બાદ તે જેલમાં પરત હાજર થયો ન હોવાથી ફર્લો જમ્પનો ગુનો નોંધાયો હતો.

ઝડપાયેલા આરોપી સામે બેડી મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના નં. ૧૩/૨૦૧૮ હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(અ) તેમજ પોક્સો અધિનિયમની કલમ ૪ અને ૬ હેઠળ ગુનો નોંધાયેલો હતો, જેમાં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. પકડાયેલ આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે બેડી મરીન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# પટણીવાડમાંથી ઘોડીપાસનો જુગાર રમતી ચોકડી ઝડપાઇ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પટ્ટણીવાડ વિસ્તારમાંથી પોલીસે ઘોડીપાસાનો જુગાર રમી રહેલાં ચાર શખ્સોની અટકાયત કરી છે. દરોડા દરમિયાન પોલીસે ૧૦,૩૦૦ ની રોકડ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિટી એ ડિવિઝન પોલીસે પેટ્રોલીંગ દરમિયાન શહેરના પટ્ટણીવાડ વિસ્તારમાં આવેલ પઠાપીરની દરગાહ પાસે હાથિયા પીરની શેરીમાં જાહેરમાં ઘોડીપાસનો જુગાર રમી રહેલાં અસગરભાઇ ઇબ્રાહીમભાઇ ખુરેશી (ઉ.વ.૫૩, રહે.પટણીવાડ પુરબીયાની ખડકી પાસે જામનગર), અફઝલભાઇ યાકુબભાઇ વહેવારીયા (ઉ.વ.૫૭, રહે.જે.કે.ગેરેજની સામે અલાબીજ સોસાયટી જામનગર), શેહજાદ અબ્દુલાભાઇ જુલીયા (ઉ.વ.૩૦, રહે.ધાંચીની ખડકી કાલાવડ નાકા બહાર કબ્રસ્તાન પાસે જામનગર), સરીફભાઇ બોદુભાઇ અગવાન (ઉ.વ.૩૨, રહે.પટણીવાડ પુરબીયાની ખડકી પાસે જામનગર) નામના ચાર ઇસમોને ઝડપી લીધા હતાં. પોલીસે ચારેય શખ્સો પાસેથી રૂા.૧૦,૩૦૦ ની રોકડ રકમ કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માંડાસણના વૃધ્ધનું મકાનની છત પરથી પટકાતા થયું મોત

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજધોપુર તાલુકાના માંડાસણ ગામે રહેતાં સામતભાઇ કરાભાઇ મકવાણા (ઉ.વ.૭૦) નામના વૃધ્ધનું ગત તા.૧૫ ના રોજ આંખનું ઓપરેશન કરાવેલ હતું જેથી તેઓનું બરાબર દેખાતું ન હતું. બાદમાં તા.૧૭ના રોજ તેઓ રાત્રીના પોતાના મકાનના છત પર સુતા હતાં.

દરમિયાન રાત્રીના બાથરૂમ જવા માટે તેઓ જતાં અને આંખેથી બરાબર દેખાતું ન હોય તેઓ છત પરથી નીચે પટકાયા હતાં. જેથી તેઓના માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતાં. જ્યાં બે દિવસની ટુંકી સારવાર બાદ તેઓનું હોસ્પિટલના બિછાને મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃત્તકના પુત્ર વ્રજલાલભાઇ મકવાણાએ પોલીસને જાણ કરતાં શેઠવડાણા પોલીસ મથકના એએસઆઇ ડી.આર.સાગઠિયા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરઃ દારૂના ગુન્હામાં ૧૫ વર્ષથી ફરાર શખ્સ ઝડપાયો


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એલ.સી.બી. ની પેરોલ-ફર્લો સ્ક્વોડે લાંબા સમયથી ફરાર ચાલતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. કાલાવડ ટાઉન પોલીસ મથકમાં નોંધાયેલા ઇંગ્લિશ દારૂના ગુનામાં છેલ્લા અંદાજે ૧૫ વર્ષથી નાસતા-ફરતા આરોપીને રાજકોટમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૨માં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ૧૫ વર્ષથી ફરાર રહેલા ભગવાનજી ઉર્ફે ભગો પુંજાભાઈ ધરોલીયાને રાજકોટના કાલાવડ રોડ વિસ્તારમાં રાધે લોજ નજીકથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

# કલ્યાણપુર નજીક ટ્રક અકસ્માતમાં યુવાનનું મૃત્યુ

## દારૂ પીવાની ટેવ ધરાવતા ઓખાના વૃધ્ધનું સારવાર દરમિયાન મૃત્યુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા ભરતભાઈ જીવાભાઈ કણજારીયા નામના ૩૮ વર્ષના સતવારા યુવાન ગત તારીખ ૧૮ જૂનના રોજ રાત્રિના સમયે તેમના જી.જે. ૩૭ ટી. ૬૭૩૦ નંબરના ટ્રકમાં બેસીને જઈ રહ્યા હતા. ત્યારે નજીકના હાઈવે માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક જઈ રહેલા આ ટ્રકના ચાલક ભરતભાઈ કણજારીયાનો ટ્રક રોડની એક બાજુ પલટી ખાઈ જતા ભરતભાઈને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે મૃતકના મોટાભાઈ દિનેશભાઈ જીવાભાઈ કણજારીયા (ઉ.વ. ૩૯)ની ફરિયાદ પરથી મૃતક ટ્રકના ચાલક ભરતભાઈ જીવાભાઈ કણજારીયા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

ઓખા મંડળના પોશીત્રા ગામે રહેતા ઝીણાભાઈ રાઘવજીભાઈ રાઠોડ નામના ૬૦ વર્ષના વૃધ્ધને છેલ્લા ઘણા સમયથી દેશી દારૂ પીવાની ટેવ હતી અને તેઓ દારૂ પીધા વગર રહી શકતા ન હતા. આ વચ્ચે તેમની તબિયત લથડતા વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના મોટાભાઈ મહેશભાઈ રાઘવજીભાઈ રાઠોડએ ઓખા મરીન પોલીસને કરી છે.

# ભાણવડમાં જુગાર રમતા મહિલાઓ સહિત ત્રણ ઝડપાયા

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડના રામેશ્વર પ્લોટ વિસ્તારમાંથી પોલીસે ગંજીપાના વડે જુગાર રમી રહેલા ચનાભાઈ ધનાભાઈ પરમાર, સવિતાબેન નવઘણભાઈ વાઘેલા અને ગીતાબેન કાનાભાઈ વાઘેલાને ઝડપી લઇ, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

# સડોદરવાસીઓને એસટી બસની અને ફૂલનાથ મંદિરે પાણીની સમસ્યા




**સમય સંદેશઃ જામજોધપુર**

સડોદર ગામના ગ્રામજનો એસ ટી બસ અને ફૂલનાથ મંદિરે પાણીની સમસ્યા છે. આ બન્ને પ્રશ્નો ઝડપભેર ઉકેલવા લોકમાંગ ઉઠી છે. જામજોધપુર તાલુકાના સડોદર ગામના ફુલનાથ મહાદેવ મંદીરે હાલ પાણીની સમસ્યા સર્જાઈ છે. આ મંદિરે માલધારીઓ, ગાયો તથા તેમના પશુધનને પાણી પીવડાવવા આવતા હતા. પણ પાણીની તંગીના કારણે પરેશાની ભોગવવી પડતી હતી.

ધૂન ધોરાજીથી હરીપર-મેવાસા જતી નર્મદાના પાણીની પાઈપલાઈનમાં વાલ્વ મુકીને ત્યાંથી ફુલનાથ મહાદેવ મંદિર સુધી પાઈપલાઈન નાખી નર્મદાનું પાણી પહોંચાડવા રજૂઆત કરવામાં આવી છે. જેનું અંતર માત્ર બે કિ.મી. જેટલું જ છે. પ્રદેશકક્ષાના આગેવાન દ્વારા લાઈન નાખી આપશું તેવું વચન આપ્યું. હતું. જે કામ હજુ સુધી ન થયા હોવાનો સુર ઉઠી રહ્યો છે.

આ સાથે જામનગર થી ગણોદ રૂટની બસનો સમય અગાઉના સમય મુજબ બપોરે ૩:૩૦નો

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com